# નવસારી કૃષિ યુનિવર્સિટી
## નવસારી – ૩૯૬ ૪૫૦

ડૉ. વી.એ.સોલંકી
ઈ/ચા કુલસચિવ

ફોન નં : ૦૨૬૩૭ ૨૮૨૮૨૩
મો: ૯૮૨૫૧૩૬૭૯૩
ઈ–મેઈલ: registrar@nau.in


વંચાણમાં: અગ્રસચિવશ્રી (ઉ.અને ટે.શિ.), શિક્ષણ વિભાગ, ગાંધીનગરનાં પત્ર ક્રમાંક:પરચ/૧૦૨૦૧૭/૨૬૯/સ, તા.૬.૭.૨૦૧૭

**:: કાર્યાલય આદેશ ::**

ઉપરોકત વંચાણમાં લીધેલ પત્ર અન્વયે રાજય સરકારે ચાલુ વર્ષથી ધોરણ–૧૨ પાસ કરી કોલેજના પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવનાર તમામ વિદ્યાર્થીઓને રૂા.૧૦૦૦/– ના ટોકન દરથી ટેબલેટ આપવાની યોજના અમલમાં મૂકવામાં આવેલ છે.

આથી આપની કોલેજમાં ચાલુ વર્ષે ધોરણ–૧૨ પાસ કરેલ હોય અને પ્રવેશ મેળવેલ હોય તેવા વિદ્યાર્થીઓને ટેબલેટ ફાળવણી આપના માધ્યમ થકી સરળતાથી થઈ શકે તે માટે ટેબલેટ મેળવવા ઈચ્છુક વિદ્યાર્થીઓ પાસે ટોકન રકમ રૂા.૧૦૦૦/– મેળવવાનું શરૂ કરી દરેક વિદ્યાર્થીને તેઓએ જમા કરેલ રકમની પહોંચ આપવાની રહેશે અને તેવા વિદ્યાર્થીઓની યાદી તૈયાર કરવાની કામગીરી હાથ ધરવાની રહેશે.

આમ આ અંગેની માહિતી ટેબલેટ યોજના અંતર્ગત તૈયાર થઈ રહેલ વેબપોર્ટલ ઉપર અપડેટ કરવાની વ્યવસ્થા આપની કક્ષાએથી કરવાની રહેશે. જે અંગેનો ફલો ચાર્ટ આ સાથે સામેલ છે.

આ અંગેનો તમામ નાણાકીય વ્યવહાર યુનિવર્સિટી બજેટ સદર ૧૮૧૭૦ (અધર એજન્સીઃ સ્ટેટ ગર્વમેન્ટ ટેબલેટ સ્કિમ) માં કરવાનો રહેશે.

સદર તમામ કામગીરીની જાણ આપની કક્ષાએથી નિયામકશ્રી, વિદ્યાર્થી કલ્યાણ પ્રવૃત્તિઓને તેમજ અત્રેની કચેરીને કરવાની રહેશે. નિયામકશ્રી, વિદ્યાર્થી કલ્યાણ પ્રવૃત્તિઓએ યુનિવર્સિટી કક્ષાની માહિતી અપડેટ કરી શિક્ષણ વિભાગ, ગુજરાત સરકાર, ગાંધીનગરને વખતો વખત જાણ કરવાની રહેશે.

કુલસચિવ

જા.નં.નકૃયુ/રજી/એસીએ/ 0309-92 /૨૦૧૭.
તા.૨૫/૭/૨૦૧૭

**નકલ રવાના જાણ તથા ઘટતું થવા સારૂ**

૧. આચાર્યશ્રી, ન.મ.કૃષિ મહાવિદ્યાય, ન.કૃ.યુ., નવસારી
૨. આચાર્યશ્રી, અસ્પી બાગાયત–વનીય મહાવિદ્યાય, ન.કૃ.યુ., નવસારી
૩. આચાર્યશ્રી, કૃષિ મહાવિદ્યાલય, ન.કૃ.યુ., વઘઈ
૪. આચાર્યશ્રી, કૃષિ મહાવિદ્યાલય, ન.કૃ.યુ., ભરૂચ
૫. આચાર્યશ્રી, પશુચિકિત્સા અને પશુપાલન મહાવિદ્યાલય, ન.કૃ.યુ., નવસારી
૬. આચાર્યશ્રી, વનીય મહાવિદ્યાલય, ન.કૃ.યુ., નવસારી
૭. આચાર્યશ્રી, અસ્પી શકીલમ એગ્રી બાયોટેકનોલોજી ઈન્સ્ટીટયુટ, ન.કૃ.યુ., સુરત
૮. આચાર્યશ્રી, કૃષિ ઈજનેરી મહાવિદ્યાલય, ન.કૃ.યુ., ડેડીયાપાડા
૯. આચાર્યશ્રી, ફીશરીઝ મહાવિદ્યાલય, ન.કૃ.યુ., નવસારી
૧૦. નિયામકશ્રી, વિદ્યાર્થી કલ્યાણ પ્રવૃત્તિઓ, ન.કૃ.યુ., નવસારી
૧૧. હિસાબ નિયામકશ્રી, ન.કૃ.યુ., નવસારી
૧૨. નિયામકશ્રી, ઈન્ફોરમેશન ટેકનોલોજી સેલ, ન.કૃ.યુ., નવસારી

# Institute Login on Digital Gujarat Portal

